# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) આસામ, કેરળમ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ- મતગણતરી 4થી મે થશે.

2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે, ભારત અને મોરેશિયસ વચ્ચેની ભાગીદારીમાં છેલ્લા એક વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ

3) ભારતે ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીનો સૌથી વધુ વાર્ષિક સૌર ક્ષમતામાં આશરે 45 ગીગાવોટનો ઉમેરો કર્યો

4) ઇઝરાયલે પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફની કરેલી ટિપ્પણીઓની આકરી ટીકા કરીને મધ્યસ્થતા સામે સવાલ કર્યા

5) IPL ક્રિકેટમાં, લખનૌ સુપર જાયન્ટ્સે કોલકાતા નાઈટ રાઇડર્સને 3 વિકેટથી હરાવ્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ASSEMBLY ELECTIONS

આસામ, કેરળમ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે.

મતદારોએ આજે આસામની 126 બેઠકો, કેરળમમાં 140 બેઠકો અને પુડુચેરીમાં 30 બેઠકો માટે મતદાન કર્યું. આસામમાં, 85.40% મતદાન ટકાવારી નોંધાઈ હતી. દક્ષિણ સલમારા માંકાચર જિલ્લામાં મહત્તમ 95.17% મતદાન થયું હતું. કેરળમમાં, 78.0% મતદાન થયું હતું. કોઝિકોડ જિલ્લામાં મહત્તમ 80.89% મતદાન થયું હતું. કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં, 89.83% મતદાન થયું હતું.

કર્ણાટકના બાગલકોટમાં યોજાયેલી પેટાચૂંટણીમાં, 68.70% મતદાન નોંધાયું હતું, જ્યારે દાવણગેરે દક્ષિણમાં, 68.55% મતદાન થયું હતું. નાગાલેન્ડના મોકોકચુંગ જિલ્લામાં આવેલા કોરીડાંગ વિધાનસભા મતવિસ્તારમાં મતદાનની ટકાવારી 82.21% છે. ત્રિપુરાની ધર્મનગર બેઠક પર 80.04% મતદાન નોંધાયું છે.

આસામ, કેરળમ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી માટે મતગણતરી આવતા મહિનાની 4 તારીખે થશે.

# EXTERNAL AFFAIRS MINISTER DR. S. JAISHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે, ભારત અને મોરેશિયસ વચ્ચેની ભાગીદારીમાં છેલ્લા એક વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે.

પોર્ટ લુઇસમાં મોરેશિયસના પ્રધાનમંત્રી નવીન રામગુલામ સાથે મુલાકાત બાદ મીડિયા સાથે વાત કરતા ડૉ. જયશંકરે કહ્યું કે, ચર્ચામાં દરિયાઈ સહયોગ, વિકાસ ભાગીદારી, આરોગ્ય, શિક્ષણ, ક્ષમતા નિર્માણ અને લોકો વચ્ચેના સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તેમણે મોરેશિયસને તેની વિકાસ પ્રાથમિકતાઓ અનુસાર ભારતનો સતત ટેકો આપવાનો પુન:રોચ્ચાર કર્યો.

ડૉ. જયશંકર ગઈકાલે 9મા હિંદ મહાસાગર પરિષદમાં હાજરી આપવા માટે મોરેશિયસ પહોંચ્યા હતા.ગયા વર્ષે માર્ચમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ટાપુ રાષ્ટ્રની મુલાકાત દરમિયાન, બંને દેશો સંબંધોને ઉન્નત વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવા સંમત થયા હતા.

## ENERGY MINISTER MANOHAR-BHUTAN

ઊર્જા મંત્રી મનોહર લાલ ભૂટાનની ચાર દિવસની મુલાકાતે. પ્રથમ દિવસે શ્રી લાલ  ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકને મળ્યા હતા.

આ મુલાકાત દરમિયાન, શ્રી લાલે ભારત અને ભૂટાન વચ્ચેની ઉર્જા ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે ભૂટાનના રાજાના નેતૃત્વની પ્રશંસા વ્યક્ત કરી હતી

સાંભળીએ એક અહેવાલ..

(BYTE: વૈષ્ણવી -2210)

# MINISTRY OF WATER POWER

જળ શક્તિ મંત્રાલયની 21મી કેન્દ્રીય દેખરેખ સમિતિની બેઠક ગઈકાલે નદીના પુનર્જીવન અને પ્રદૂષણ ઘટાડવા પર રાજ્યોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

જળ શક્તિ મંત્રાલયે જણાવ્યું હતું કે સમિતિએ પ્રદૂષિત નદીના પટ માટે કાર્ય યોજનાઓના અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરી હતી, જેમાં ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ (STP) અને કોમન એફ્લુઅન્ટ શુદ્ધિકરણ પ્લાન્ટ (CETP) ની પ્રગતિનો સમાવેશ થાય છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રદૂષણ વ્યવસ્થાપન માટે કાર્ય યોજનાઓ રજૂ કરવાની સ્થિતિ તેમજ નદી પુનર્જીવન સમિતિઓની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

# FOREIGN SECRETARY VIKRAM MISHRI - AMERICA

વિદેશ સચિવ વિક્રમ મિશ્રી અમેરિકાના ત્રણ દિવસના પ્રવાસ છે શ્રી મિશ્રી પ્રથમ દિવસે વોશિંગ્ટન ડીસીના વ્યૂહાત્મક સમુદાયના અગ્રણી નેતાઓ સાથે ભારત-અમેરિકા દ્વિપક્ષીય સંબંધોની ચર્ચા કરી હતી.

બંને પક્ષોએ વર્તમાન સ્થિતિ અને ભવિષ્યના દ્વિપક્ષીય સહયોગ પર વાતચીત કરી. તેમણે વર્તમાન ભૂરાજકીય વિકાસ અને વૈશ્વિક ઊર્જા, ખાદ્ય અને આર્થિક સુરક્ષા પર તેની અસરો પર પણ ચર્ચા કરી.

**આ મુલાકાતે ભારત-અમેરિકા દ્વિપક્ષીય સંબંધોના સંપૂર્ણ સ્પેક્ટ્રમની સમીક્ષા કરવાની અને મુખ્ય ક્ષેત્રોમાં ચાલુ સહયોગને આગળ વધારવાની તક પૂરી પાડી છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# SOLAR CAPACITY

**ભારતે નાણાકીય વર્ષ 2025-26 માં અત્યાર સુધીનો સૌથી વધુ વાર્ષિક સૌર ક્ષમતામાં આશરે 45 ગીગાવોટનો ઉમેરો કર્યો છે.**

**સોશિયલ મીડિયા પોસ્ટમાં, કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે આ સિદ્ધિ ભારતની ઉર્જા સુરક્ષા, ટકાઉ વિકાસ અને વિકાસ ભારતના વિઝન પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.**

શ્રી જોશીએ કહ્યું કે રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રે આ અસાધારણ વૃદ્ધિનું નેતૃત્વ કર્યું છે, જેનાથી ભારત સ્વચ્છ, હરિયાળું અને વધુ આત્મનિર્ભર ભવિષ્ય તરફ આગળ વધી રહ્યું છે.

મંત્રીએ વધુમાં માહિતી આપી હતી કે દેશમાં માર્ચ 2026 માં 6.65 ગીગાવોટ સૌર ક્ષમતા નોંધાઈ છે, જે એક મહિનામાં અત્યાર સુધીની સૌથી વધુ સૌર સ્થાપન છે. તેમણે કહ્યું કે, રાજસ્થાન, ગુજરાત અને તમિલનાડુ ટોચના યોગદાન આપનારા રાજ્યો તરીકે ઉભરી આવ્યા છે, જે ભારતને સ્વચ્છ અને વધુ ઉર્જા-સુરક્ષિત ભવિષ્ય તરફની સફરને શક્તિ આપે છે.

દરમિયાન, સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડે આજે નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયને એકસો પંદર કરોડ રૂપિયાનો ડિવિડન્ડ ચેક સોંપ્યો.

## ISRAEL PAKISTAN

ઇઝરાયલે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓની આકરી ટીકા કરી છે, તેમને "અપમાનજનક" ગણાવ્યા છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવમાં તટસ્થ મધ્યસ્થી તરીકે પાકિસ્તાનની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવ્યો છે.

ઇઝરાયલી વિદેશ પ્રધાન ગિડીઓન સા'આરે પણ આ નિવેદનોની નિંદા કરી હતી, તેમને પાકિસ્તાનને "સ્પષ્ટપણે યહૂદી વિરોધી" ગણાવ્યા હતા.તેમણે કહ્યું કે ઇઝરાયલ તેની સુરક્ષા માટેના જોખમો સામે પોતાનો બચાવ કરવાનું ચાલુ રાખશે.

પાકિસ્તાનને તાજેતરમાં જ અમેરિકા અને ઈરાન વચ્ચે બે અઠવાડિયાના કામચલાઉ યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરવાનો શ્રેય આપવામાં આવ્યો છે અને આગામી દિવસોમાં વધુ શાંતિ વાટાઘાટોનું આયોજન કરવાની અપેક્ષા છે. જો કે, તાજેતરની ટિપ્પણીઓએ રાજદ્વારી પ્રક્રિયામાં તેની ભૂમિકા પર પ્રશ્ન ઊભો કર્યો છે.

શ્રી આસિફે તેમના નિવેદનમાં પ્રદેશમાં ચાલી રહેલા સંઘર્ષોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ગાઝા, ઈરાન અને લેબનોનમાં ઇઝરાયલને સંડોવતા હિંસા ચાલુ હોવાનો આરોપ લગાવ્યો હતો. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે આ વિકાસ થયો છે, જ્યારે પરિસ્થિતિને સ્થિર કરવા અને પ્રદેશમાં નાજુક યુદ્ધવિરામ ટકાવી રાખવા માટે રાજદ્વારી પ્રયાસો ચાલુ છે.

# AMERICA - HORMONAL

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સંઘર્ષમાં યુદ્ધવિરામની અસરકારકતા અંગે ચિંતા વ્યક્ત કરી છે, અને આરોપ લગાવ્યો છે કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલના ટેન્કર પસાર કરવા અંગેની સંમત શરતોનું પાલન કરી રહ્યું નથી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે, ઈરાન તેલ શિપમેન્ટને મંજૂરી આપી તે યોગ્ય નથી. તેમણે તેહરાન દ્વારા મહત્વપૂર્ણ જળમાર્ગમાંથી પસાર થતા ટેન્કરો પર ટેક્સ વસૂલવાના અહેવાલો સામે ચેતવણી આપી હતી.

વ્હાઇટ હાઉસે યુદ્ધવિરામ વ્યવસ્થાના ભાગ રૂપે હોર્મુઝ સ્ટ્રેટને ખુલ્લું રાખવા માટે પોતાનો ટેકાનો પુનઃ ઉચ્ચાર કર્યો છે, જ્યારે આંતરરાષ્ટ્રીય શિપિંગ પર ટોલ લાદવાના ઈરાની સૈન્યના કોઈપણ પ્રયાસનો વિરોધ કર્યો છે.

# IRAN -LEBANON

ઈરાન -અમેરિકા સંઘર્ષમાં યુદ્ધવિરામ અઠવાડિયાના યુદ્ધ વિરામના હજુ પણ અસમંજસમાં છે. હોર્મુંઝ સ્ટ્રેટ પર ઈરાનનું નિયંત્રણ છે. સમૃદ્ધ યુરેનિયમ ભંડાર અને તેની પ્રાદેશિક લશ્કરી તણાવ હજી યથાવત છે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે યુદ્ધવિરામ સ્વીકારવાનો નિર્ણય દેશના નેતૃત્વ દ્વારા સર્વાનુમતે લેવામાં આવ્યો હતો અને સર્વોચ્ચ નેતા દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. તેમણે આ પગલાને એક વ્યૂહાત્મક પગલું ગણાવ્યું હતું, નબળાઈની નિશાની નહીં.

ચાલુ મતભેદો હોવા છતાં, યુદ્ધવિરામ અમલમાં આવ્યા પછી ઈરાન, યુનાઇટેડ સ્ટેટ્સ અથવા ઇઝરાયલને સંડોવતા મિસાઇલ હુમલા અથવા લશ્કરી કાર્યવાહીના કોઈ નવા અહેવાલો આવ્યા નથી.

# RUSSIAN PRESIDENT

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ઓર્થોડોક્સ ઇસ્ટર સપ્તાહના અંતે યુક્રેનમાં 32 કલાકનો યુદ્ધવિરામ જાહેર કર્યો છે.

અગાઉ યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ ઈસ્ટરની ઉજવણી માટે યુદ્ધ વિરામનો પ્રસ્તાવ મૂક્યો હતો. ક્રેમલિન દ્વારા બહાર પાડેલા હુકમ નામામાં રશિયન દળોને શનિવારથી શરૂ થઈને રવિવારના અંત સુધી ચાલનારા યુદ્ધવિરામનું પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

# IPL

IPL ક્રિકેટમાં, ગઇકાલે રમાયેલી રોમાંચક મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે કોલકાતા નાઈટ રાઇડર્સને 3 વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા કોલકાતા નાઈટ રાઇડર્સે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 181 રન બનાવ્યા. જીત માટે 182 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, લખનૌએ છેલ્લા બોલે 3 વિકેટ બાકી રહેતા જીત મેળવી.

લખનૌ સુપર જાયન્ટ્સના મુકુલ ચૌધરીને 54 રનની રમત બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. કોલકાતા તરફથી અંગક્રિશ રઘુવંશીએ 33 બોલમાં 45 રન બનાવ્યા, જ્યારે અનુકુલ રોય અને વૈભવ અરોરાએ 2-2 વિકેટ ઝડપી હતી.

આજે ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

---------------------------

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ**

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે...
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે પોસ્ટમેન પાક ફસાયું...ઈરાનની શરતો બદલી, ટ્રમ્પે ગેરમાર્ગે દોર્યા.. હવે બંનેએ ઠપકો આપ્યો..
- સંદેશ લખે છે આસામ, કેરલમ, પુડુચેરીમાં વિક્રમી મતદાન...

---------------------------